## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ધરાઈ ધરાઈને રસ ખા અને મને પણ ખવડાવ... હું સિવિલમાં આપણાં બંનેનાં ફોર્મ ભરીને આવ્યો છું.**

# વયસ્ક વ્યક્તિની ઘેરબેઠાં તબીબી સારવારના પાયલોટ પ્રોજેકટનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧

જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, ગાંધીનગર અને રાજયના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ આ પ્રોજેકટ હેઠળ આજે એક ડૉકટર, એક નર્સીંગ સ્ટાફ અને એક એટેન્ડન્ટની ટીમ દ્વારા રજિસ્ટર્ડ થયેલ વયસ્કોના ઘરે જઈને તેમના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. જેમાં વયસ્કનું બી.પી., વજન, સુગર, કાર્ડિયોગ્રામ, ટેમ્પ્રેચર શરીરમાં ઓકિસજનની માત્રા





વગેરેની તપાસ આનુષાંગિક સાધનો દ્વારા કરવામાં આવી હતી. આ પ્રોજેકટ અંતર્ગત દર ૧૫ દિવસે વયસ્કોના ઘરે જઈને તેમના આરોગ્યની તપાસ કરી સારવાર કરવામાં આવશે.

સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. બીપીન નાયક અને આર.એમ.ઓ. ડૉ. આર.એમ. ચૌહાણ દ્વારા આ પાયલોટ પ્રોજેકટનો શુભારંભ કરાયો હતો. તેમના માર્ગદર્શન હેઠળ આજે સીનિયર મેડીકલ ઓફિસર ડૉ. પરેશ ગજ્જર અને તેની ટીમ દ્વારા રજિસ્ટર્ડ થયેલ વયસ્કોના ઘરે જઈને તેઓની તપાસ કરાઈ હતી.

# ચિલોડામાંથી વેપારીની નજર સામે ગઠિયો નવું બાઈક લઈ રફુચક્કર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં મુખ્ય ગણતા જંકશન મથક ચિલોડા વિસ્તારમાંથી એક માસમાં દ્વિચક્રી વાહન ચોરીના ઉપરાછાપરી બનાવોથી લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. માત્ર ચિલોડા પંથકમાંથી પખવાડીયામાં ચોક્કસ સ્થળેથી જ બાઈક ચોરાઈ જવાની ફરિયાદ નોંધાવા પામી છે.

ચિલોડાના મુખ્ય બજારમાંથી ૪ દિવસ પહેલા અજાણ્યા ઈસમે વેપારીની નજર સામે જ વેપારીનું બાઈક લઈ ફિલ્મઢબે પલવારમાં રફુચક્કર થઈ ગયો હતો. ત્યારે ચિલોડાના મુખ્ય બજારમાં ભરચક વિસ્તાર તરીકે જાણીતા બજારમાં વૈભવી ઈલેકટ્રીકલ નામની દુકાન ધરાવતા દિનેશભાઈ ગાભાભાઈ પટેલ ગત તા. ૨૭મી સાંજે ૭ વાગ્યે દુકાન આગળ બાઈક મુકીને દુકાનમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યો શખ્સ ગણતરીની સેકન્ડમાં બાઈકને કીક મારીને ભગાવીને નજર સામે રફુચક્કર થઈ ગયો હતો. બાઈક લઈને ભાગતા બુમાબુમ થતા પીછો કર્યો પણ ગાંધીનગર, હિંમતનગર, દહેગામ જવાના ત્રિભેટે રસ્તાને લીધે કઈ તરફ ગયો તે ખબર પડી નહોતી. આ બાઈક ચોરી અગાઉ ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષમાંથી એક જ સ્થળેથી બે બાઈક ચોરાઈ ગયા હતા. સાદરા નજીક માધવગઢથી તા. ૨૩મી મે રાત્રે માતાજી મહોત્સવ સમયે પીંપલજના રહેવાસીનું બાઈક ચોરાયુ હતુ.

## બોર્ડ-નિગમના કર્મચારીઓને પગાર એરીયર્સ નહીં ચૂકવાય તો આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.૧

ગુજરાતના બોર્ડ-નિગમ તેમજ સરકારી કર્મચારીઓને સરકાર દ્વારા સાતમા પગારપંચનો લાભ મંજુર કરવામાં આવ્યો હતો. પગારપંચનો લાભ મંજુર થવા છતાંય કર્મચારીઓને ૧૯ માસનો પગાર એરીયર્સ સંબંધી તફાવત ચુકવવામાં આવ્યો નથી. સરકારના આવા વલણથી અસંતોષ પામેલા કર્મચારીઓ ટૂંક સમયમાં આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરી શકે છે.

ગુજરાત રાજય બોર્ડ નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મંજૂર કરી પગાર તફાવતની રકમ ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો છે. કર્મચારીઓને તા. ૧-૧-૨૦૧૬થી તા. ૩૧-૭-૨૦૧૭ના ૧૯ માસના પગાર એરીયર્સ સંબંધી તફાવતની રકમ સત્વરે ચુકવવામાં આવે તે અંગે મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યંમત્રીને વારંવાર લેખિત રજૂઆત કરવામાં આવી છે. પરંતુ કર્મચારીઓને કોઈ પણ લાભો ચુકવવામાં સરકાર દ્વારા કાયમી વિલંબભરી નીતી અખત્યાર કરવામાં આવે છે.

# સરકારી મહેકમમાં નવા ૬૭ મામલતદાર સેવાનો આરંભ કરશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થનાર ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૨ મામલતદાર સંવર્ગના અધિકારીઓની રાજય સેવામાં નિમણૂંક આપવા મહેસૂલ વિભાગે તજવીજ શરૂ કરી દીધી છે. ટૂંક સમયમાં જ જુદા જુદા જિલ્લામાં ૬૭ જેટલા મામલતદારોને ઓર્ડર આપી દેવામાં આવશે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૧૭માં ત્રણ તબક્કામાં વર્ગ-૧ અને ૨ માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. માર્ચ માસમાં જીપીએસસી તંત્રએ પરીક્ષા કાર્યવાહી પૂર્ણ કરી પરિણામ જાહેર કરી દિધુ હતુ. સફળ થનાર ઉમેદવારોને રાજય સેવામાં જોડાવા માટે જે તે સંબંધિત વિભાગે પોતાની વિભાગીય તજવીજ શરૂ કરી દીધી છે.

રાજય મુલ્કી સેવા વર્ગ-૨માં સફળ થનાર ૬૭ મામલતદાર કક્ષાના અધિકારીઓને નિમણુંક આપવા હાલ મહેસૂલ વિભાગે કાર્યવાહી તેજ કરી છે. આગામી તા. ૫ થી ૧૧ જૂન ૨૦૧૮ દરમિયાન મહેસુલ વિભાગમાં સફળ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે. નવા ૬૭ મામલતદાર મહેકમમાં જોડાતા સરકારી કામકાજમાં પણ સરળતા આવશે.

# સિવિલ હૉસ્પિટલમાં રકતદાન શિબિર ૨૭૯ બોટલ જેટલું રકત એકત્ર થયું



ગાંધીનગર, તા.૧ ફોટો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજય, નેશનલ હેલ્થ મિશન ગુજરાત, અને જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે એન.એચ.એમ.ભવન, સિવિલ હોસ્પિટલ કેમ્પસ સે-૧૨ ગાંધીનગર ખાતે આજરોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન રકતદાન શિબિર યોજાઈ હતી. આ ઉમદા કાર્યમાં મેડીકલ કોલેજના તબિબિ વિદ્યાર્થી ભાઈ-બહેનો, ડોકટર્સ, સ્ટાફ, સહિત કર્મચારીઓએ ઉત્સાહભેર રકતદાન કરતા ૨૭૮ બોટલ રકત એકઠું થયું હતું. આ બ્લડ ગરીબ અને જરુરીયાતમંદ દર્દીઓને આપવામાં આવશે. રકતદાન શિબિરમાં ૨૭૮ બોટલ રકતમાંથી ગાંધીનગર બ્લડબેંકને ૧૪૮ તેમજ અમદાવાદ બ્લડબેંકને ૧૩૦ બોટલ રકત આપવામાં આવ્યું હતું.

ઉનાળાની સિઝનમાં સામાન્ય રીતે સરકારી બ્લડ બેંકોમાં લોહીની અછત હોય છે.ત્યારે બ્લડની અછતના નિરાકરણ માટે શુક્રવારે સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ એનએચએમની ઓફીસ ખાતે રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ, ફેકલ્ટી, ડોકટર્સ, સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ બ્લડ ડોનેટ કરતા કુલ ૨૭૮ બોટલ રકત એકત્ર થયું હતું. આ એકત્ર કરવામાં આવેલ રકત અમદાવાદ અને ગાંધીનગરની બ્લડબેંકમાં આપવામાં આવ્યું હતું. ત્યારે આ કાર્યને પ્રોત્સાહીત કરવા માટે આરોગ્ય કમિશનર જયંતિ રવિ અને તબિબિ સેવા અને શિક્ષણ વિભાગના પુનમચંદ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સરકારી હોસ્પિટલમાં બ્લડની અછત અંગે ચિંતા વ્યકત કરી હતી અને આવા કેમ્પનું આયોજન કરીને સરકારી બ્લડબેંકમાં બ્લડની અછત દુર કરવા માટે પણ હાજર અધિકારીઓને સુચના આપી હતી.

# સરકારી કચેરીઓમાં કેરીની ભેટ-સોગાદની મોસમ

## ક્યાંક ને ક્યાંક ‘કુછ મીઠા હો જાયે’ના સ્વરૂપે સંબંધોમાં મીઠાશ લાવવા કેરીની આપલે થાય છે

ગાંધીનગર, તા. ૧

ફાઈલ અને કચેરીની નગરી ગાંધીનગરથી સમગ્ર ગુજરાતનો વહીવટ ધમધમે છે. સમગ્ર ગુજરાતનો વહીવટ જેના હાથમાં છે તેવા સરકારી અફસરોનો દબદબો પણ અનોખો છે. સરકારની કચેરીમાં કાર્યરત અધિકારી-કર્મચારીઓ અને બિન સરકારી વ્યક્તિઓ વચ્ચે ઘણી બધી વખત ફોર્માલીટીસ પણ થાય છે. ત્યારે હાલ ઉનાળાની સીઝનમાં સચિવાલય સહિતની અનેક સરકારી કચેરીઓમાં મીઠા સંબંધો સાચવવા માટે ‘કુછ મીઠા હો જાયે’ના સ્વરૂપે વિવિધ કેરીઓના બોક્ષની પ્રેમપૂર્વક આપ-લે થઈ રહી છે.

સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં મીઠાઈ અને ડ્રાઈફ્રૂટ બોક્ષમાં પેક કરી ભેટ સોગાદની ભરપુર પ્રમાણમાં આપ-લે થતી હોય છે. ગરમીની સીઝન સાથે જ ઠેર ઠેર બજારોમાં કેસર કેરી સહિતની અનેક કેરીઓનો મબલખ પાક વેચાતો દેખાય છે. સામાન્ય રીતે ગીરની કેસર કેરીઓની અનોખી બોલબાલા છે પરંતુ હાલ ફળોના રાજા કેરીની ગાંધીનગરની કચેરીમાં પણ કેરીની આપ-લે થઈ રહી છે. ગાંધીનગરમાં આવેલી અનેક કચેરીમાં સરકારી કામકાજ અર્થે અફસરોની મુલાકાતે અનેક મુલાકાતીઓ આવે છે. સરકારી કચેરીમાં અફસરો સાથે સંબંધોની મીઠાસ ઝાળવવા હાલ અનેક મુલાકાતીઓ ભેટ સોગાદ સ્વરૂપે રસદાર અને મીઠી સુગંધી કેરીઓ આપે છે જ્યારે અફસરો પણ પ્રેમપૂર્વક મુસ્કુરાહટ સાથે સ્વીકારે છે. પીળી રસદાર સુગંધિત પાકી અને રસાળ કેરીના બોક્ષની આપલે કરી ક્યાં ને ક્યાંક સંબંધોમાં મીઠાશ ઝાળવવા અનખો પ્રયાસ થઈ રહ્યો છે.

# ગરમી ન લાગે તે માટે ઉકાળાનું વિતરણ કરાયું



છેલ્લા એકાદ સપ્તાહથી પડી રહેલી આકરી ગરમીથી સંરક્ષણ માટે ગાંધીનગરમાં એક નવો ઉપાય હાથ ધરવામાં આવ્યો હતો, જે ઘણો ચર્ચામાં રહ્યો હતો. સચિવાલયમાં કાર્યરત આયુર્વેદિક દવાખાના ખાતેથી ગરમી ન લાગે એ માટેના ઉકાળાનું વિતરણ શુક્રવારે કરવામાં આવ્યું હતું. સરકારી કર્મચારીઓએ હોંશે-હોંશે આ ઉકાળાનો લાભ લીધો હતો અને ગરમી સામે આરક્ષણ મેળવ્યું હતું.

# જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાનનો આરંભ થયો

## ૮મી સુધીમાં તમામ ગામોમાં ગ્રામસભા યોજાશે : ૪૮ જેટલા લાયઝન અધિકારીઓની પણ નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાનનો આરંભ થયો છે. જિલ્લામાં ૮મી જૂન સુધી આ અભિયાન ચાલશે.

જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગ્રામસભા અભિયાનમાં અન્ન સુરક્ષા કાયદાના અમલીકરણ અંગે, ૧૪મા નાણાં પંચ અંતર્ગત ગામમાં થયેલા વિકાસ કામોના સામાજિક ઓડિટ અંગે ચર્ચા કરવા ઉપરાંત અન્ય વિષયોના સરકાર સાથેના પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ અભિયાનને સફળ બનાવવા માટે ૪૮ જેટલા લાયઝન અધિકારીઓની પણ તંત્ર દ્વારા નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લામાં ચોમાસાના આગમન પૂર્વે ગ્રામસભા અભિયાન સંપન્ન કરવામાં આવશે અને ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે પણ અધિકારીઓ દ્વારા પ્રયાસ કરવા ઉપરાંત નીતિ વિષયક બાબતો અંગે સરકારમાં ભલામણ સાથે મોકલવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અન્ન સુરક્ષા કાયદાના અમલીકરણમાં પડતી તકલીફો તેમજ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી થયેલા વિકાસકામોનું સોશ્યલ ઓડિટ પર આ અભિયાનમાં વિશેષ ભાર મુકવામાં આવશે.

આ ઉપરાંત સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની સમજ પણ લાયઝન અધિકારીઓ દ્વારા આપવામાં આવશે. આ અભિયાનમાં સભાનો સમય સવારે ૧૧ થી ૧૨.૩૦ વચ્ચેનો રાખવામાં આવ્યો છે. જો કે આ સમયમાં ગામની અનુકૂળતા મુજબ ફેરફાર પણ કરી શકાશે.

# મોદી સરકારને ચાર વર્ષ પૂર્ણ થતાં પ્રજાલક્ષી યોજનાઓની સિદ્ધિ અંગે સંવાદ

ગાંધીનગર તા ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ કેન્દ્ર સરકારને ચાર વર્ષ પુર્ણ થતા સરકારે આ વર્ષો દરમિયાન વિવિધ લાભકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડી છે તે અંગેનો ચિતાર દર્શાવતો એક કાર્યક્રમ આજે સાંજે ૪ કલાકે સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત વડાપ્રધાન યોજનાના લાભાર્થીઓ સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ પણ કરશે. સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે જિલ્લા તથા મહાનગરના પ્રબુધ્ધ નાગરિકોનુ સંમેલન પુર્વ મંત્રી રજની પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. જયારે આ તબક્કે વડાપ્રધાન યોજનાના લાભાર્થીઓ સાથે વિડીયો કોન્ફરન્સ, દુરદર્શન પ્રસારણ તેમજ મોદી એપના માધ્યમથી સંવાદ કરશે. આ લાભાર્થી યોજનાઓ અંગે વડાપ્રધાન સંવાદ પણ કરશે. જેમાં તા ૫ જુનના રોજ સવારે ૯ : ૩૦ કલાકે પ્રધાનમંત્રી આવાસ યોજના અને ગ્રામિણ અને શહેરી વિસ્તાર ઉપરાંત તા ૬ જુનના રોજ સવારે ૯ :૩૦ કલાકે અટલ ઈનોવેશન મિશન ,૭ જુનના રોજ સવારે જન ઓષધિ પરિયોજના , ની ઈમ્પલાન્ટ સહીત આરોગ્યને લગતી બાબતોની યોજના અને પ્રધાનમંત્રી જીવનજયોતિ તેમજ જીવન સુરક્ષા યોજના અંગે પણ સંવાદ યોજાશે તેમ ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલાએ જણાવ્યું છે.

# ચિલોડા ખાતે સ્વૈચ્છીક રક્તદાન શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના હોલ ખાતે ગાંધીનગર તાલુકાની ચિલોડા ચાર રસ્તાની બ્રાન્ચમાં ૧લી જૂનના સવારે ૮ થી ૧ વાગ્યા સુધીમાં ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી.ના ઉત્સાહી ચેરમેન અજયભાઈ પટેલની પ્રેરણા તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ, ચિલોડા બેંક શાખાના સહયોગથી



સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ચિલોડા આસપાસના ગામોના બેંકના માનવંતા ગ્રાહકો તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેમના દ્વારા ૧૩૮ બોટલ રક્ત એકત્રિત કરીને જરૂરિયાતમંદ લોકોની સારવાર માટે રક્તદાન મહાદાનના મંત્રને ચરિતાર્થ કરવા સેવાકીય કાર્યનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ કેમ્પમાં બેંકશાખાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિજાપુર ધનલક્ષ્મી સોસાયટીમાં આજે સુંદરકાંડનો સંગીતમય પાઠ

ગાંધીનગર, તા. ૧

આજે વીજાપુર ધનલક્ષ્મી સોસાયટી ખાતે સાંજે ૮ થી ૧૧ કલાકે, સ્વ. ગંગાબેન ત્રિકમલાલ જેપુરવાળાના સ્મરણાર્થે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યુ છે. વ્યાસપીઠ પર સીતારામભાઈ સુંદરપુરવાળા સુંદરકાંડ પાઠનું રસપાન કરાવશે. સૌ ભાવિકોને આ પાઠનો લાભ લેવા માટે આયોજકો દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કામ કરતા

# કરારબધ્ધ કર્મચારીઓની પગાર વધારાની માંગ ન સંતોષાતાં રોષ

ગાંધીનગર, તા.૧

સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વર્ષોથી પાયાની અને મહત્વની કામગીરી સાથે સંકળાયેલ કરારબધ્ધ કર્મચારીઓની પગાર વધારાની માંગણી નહીં સંતોષાતા તા. ૭ જુનથી રાજયના તમામ જિલ્લામાં આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. ગુજરાત આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારી સંઘે જણાવ્યું છે કે સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વર્ષોથી પાયાની કામગીરી સાથે સંકળાયેલ કરારબધ્ધ કર્મચારીઓની પગાર વધારા સહિતની માંગણીઓને અનુલક્ષી એનએચએમ ડાયરેકટરના તા.૨૮-૫-૧૮ ના પત્ર દ્વારા પગાર વધારા અંગે કરાયેલ આદેશ આ પાયાના કર્મચારીઓ માટે એક હાસ્યાસ્પદ બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. એનએચએમ ડાયરેકટર અને જવાબદાર તમામની વિશ્લેષક કામગીરી બાદ પણ આ આદેશથી કર્મચારીઓ ફરી એકવાર શોષણ નિતીઓનો ભોગ બન્યાનો અહેસાસ થયો છે. સરકારને બચતના નામે સતત વહાલા રહેવા નાના અને પાયાના કર્મચારીઓની આવશ્યક સેવાઓમાં પણ સતત કરાર પધ્ધતિ અને ફિકસ પે ના નામે શોષણ કરતા અધિકારી ઓની સામે રોષનો શુર ઉઠવા પામ્યો છે. કર્મચારીઓના પગાર વધારાની વિસંગતતા મુદ્દે સંઘ દ્વારા ન્યાયીક અને વિચારણા સહિત આદેશ માટેની રજુઆત રાજયપાલ, મુખ્યમંત્રી, અને આરોગ્યમંત્રીને કરી છે. તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી તા. ૭ જુનથી આક્રમક આંદોલનો જિલ્લા તેમજ રાજય સ્તરે કરવામાં આવશે તેમ કરારબધ્ધ કર્મચારી સંઘના પ્રમુખ હેમાંશુ પંડયા અને નૈનેશ પટેલે જણાવ્યું છે.

## દુ:ખદ અવસાન

સે-૩ એ ન્યુ માં રહેતા સુર્યપ્રસાદ શાંતિલાલ જોષીનુ ૭૫ વર્ષની વયે તા ૧ જુનના રોજ દુખદ અવસાન થયુ છે. સદગતનુ બેસણુ રવિવારે સવારે ૮ થી ૧૧ કલાકે તેમના નિવાસ સ્થાન સે-૩ એ ન્યુ પ્લોટ નં -૧૨૪ :૧ ખાતે રાખવામાં આવ્યુ છે.

નિરૂપમાબોના જિતોન્દ્રકુમાર શાહ આમોદવાળાનુ અવસાન થયુ છે. સદગતનુ બેસણુ તા ૨ જુનના રોજ સાંજે ૫:૩૦ થી ૭ કલાક દરમિયાન નવરંગપુરા ખાતે પાસ્ટ કચેરીની બાજુમાં સ્થિત કસ્તુરભાઈ છાત્રાલય ખાતે રાખવામાં આવ્યુ છે.